# એમ.એડ્.ના વિદ્યાર્થીઓનાં શિક્ષણ વ્યવસાય પ્રત્યેનાં વલણો

ડૉ. મેહાલી આર.દેસાઈ
આસી. પ્રોફેસર
સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ્. કૉલેજ, અંકલેશ્વર

## ૧.પ્રસ્તાવના

શિક્ષણની પ્રક્રિયા આદિકાળથી ચાલી રહી છે શિક્ષણ એ એક કળા છે. શિક્ષણએ પરિવર્તનની ધરી છે. સામાજીક પરિવર્તનના ચાલકબળ તરીકે શિક્ષણ પ્રક્રિયા વર્ષોથી ઉપયોગી બની છે. શિક્ષણ માત્ર કળા નહી, પરંતુ વિજ્ઞાન પણ છે. વિજ્ઞાનમાં કેટલાંક સિદ્ધાંતો જોવા મળે છે. શિક્ષણ પ્રક્રિયાના બે ધ્રુવો વિદ્યાર્થી અને શિક્ષણ છે શિક્ષણ વ્યવસાય પ્રત્યે શિક્ષકનો લગાવ, કાર્ય કરવાનો રસ, રુચિ, વિષય પરનું પ્રભુત્વ, વ્યવસાય વિશેની માન્યતાઓ, લાગણી, વર્તનો જેવી મનોવૈજ્ઞાનિક બાબતો આધારિત તેમના વલણનું ઘડતર થાય છે. અત્યારની પરિસ્થિતિનો વિચાર કરીએ તો શિક્ષણ (એમ.એડ્.) અનુસ્નાતક કોલેજોની સંખ્યા એટલી હદે વધી રહી છે કે જેમાં અધ્યાપકોની માંગ પણ વધી છે. જેના પરિણામે શિક્ષણ સ્નાતક વિદ્યાર્થીઓ શિક્ષણ અનુસ્નાતકના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે છે. તો આ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓ કેવા ઉદ્દેશથી દાખલ થાય છે. શિક્ષણ અનુસ્નાતક વિદ્યાર્થીની આવડત કયા ક્ષેત્રમાં છે? પોતાને કયા વિષયો કે વિષયમાં વધુ રસ કે અભિરૂચિ છે? તેમની શિક્ષણ કાર્ય કરવાની કુશળતા કેટલી છે? શિક્ષણ વ્યવસાયમાં દાખલ થવા માગતા વિદ્યાર્થીઓમાં શિક્ષક તરીકેના આવશ્યક ગુણો જેવા કે, સમર્પણની ભાવના, ચિંતનશીલતા ઉચ્ચ ચારિત્ર્ય, સૌજન્યતા વગેરે છે કે નહિ? તેમની ધગશ કેવી છે? આ વ્યવસાયને અન્ય વ્યવસાયથી સરખામણીએ કેવી રીતે મૂલવે છે? કેવો ગણે છે? માત્ર આર્થિક ઉપાર્જન માટે જ આ વ્યવસાય સ્વીકારે છે. આ વ્યવસાયમાં જોડાવાની લાગણી કેવી અનુભવે છે. આ વ્યવસાયમાં જોડાવાથી કેવા વર્તનો કરે છે. માત્રને માત્ર સર્ટી મેળવવા માટે જ જાય છે.

## ૨.શીર્ષક

**એમ.એડ્.ના વિદ્યાર્થીઓનાં શિક્ષણ વ્યવસાય પ્રત્યેનાં વલણો**

## ૩.સમસ્યા કથન

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસકે એમ.એડ્. વિદ્યાર્થીઓના શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણોના અભ્યાસ કરેલ છે. તે માટે સ્વતંત્ર ચલ તરીકે જાતિ, વિસ્તાર, કેટેગરી, વૈવાહિક દરજ્જોનો સમાવેશ કરેલ છે. પરતંત્ર ચલ તરીકે એમ.અડ્. વિદ્યાર્થીઓના શિક્ષણ વ્યવસાય પ્રત્યેનાં વલણોનો સમાવેશ કરેલ છે.

## ૪.અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે રાખવામાં આવ્યા હતા.

૧.એમ.એડ્. વિદ્યાર્થીઓનાં શિક્ષણ વ્યવસાય પ્રત્યેનાં વલણોનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
૨.એમ.એડ્. વિદ્યાર્થીઓનાં શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણોનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ.
૩.એમ.એડ્.વિદ્યાર્થીઓનાં શિક્ષણ વ્યવસાય પ્રત્યેનાં વલણોનો કેટેગરીના સંદર્ભમાં અભ્યાસ.

૪.એમ.એડ્.વિદ્યાર્થીઓનાં શિક્ષણ વ્યવસાય પ્રત્યેનાં વલણોનો વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં અભ્યાસ.

**૫.સંશોધનમાં સમાવિષ્ટ ચલ**

પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ ચલની માહિતી સારણી ૧માં દર્શાવવામાં આવી છે.

**સારણી ૧ ચલની માહિતી**

| ક્રમ | ચલ | ચલનો પ્રકાર | કક્ષા | માપનનું સાધન |
|---|---|---|---|---|
| ૧ | જાતિ | સ્વતંત્રચલ | ૧. પુરૂષ<br>૨. સ્ત્રી | પ્રાથમિક માહિતી |
| ૨ | વિસ્તાર | સ્વતંત્રચલ | ૧. શહેરી<br>૨. ગ્રામ્ય | પ્રાથમિક માહિતી |
| ૩ | કેટેગરી | સ્વતંત્રચલ | ૧.બિન અનામત<br>૨. અનામત | પ્રાથમિક માહિતી |
| ૪ | વૈવાહિક દરજ્જો | સ્વતંત્રચલ | ૧. પરિણીત<br>૨. અપરિણીત | પ્રાથમિક માહિતી |
| ૫ | વિદ્યાર્થીઓના વ્યવસાયપ્રત્યેનાં વલણો. | પરતંત્રચલ | – | શિક્ષણ વ્યવસવ્ય વલણ માપદંડ |

**૬.અભ્યાસની મર્યાદાઓ**

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા નીચે મુજબ છે.

૧. પ્રસ્તુત સંશોધનમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત સંલગ્ન એમ.એડ્. કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.
૨. પ્રસ્તુત અભ્યાસમા જાતિ, કેટેગરી, વિસ્તાર, વૈવાહિક દરજ્જો જેવા ચલોનો સમાવેશ કરવામાં આવ્યા છે. અન્ય ચલોને ધ્યાનમાં લેવામાં આવ્યા નથી.
૩. પ્રસ્તુત અભ્યાસમાં એમ.એડ્.ના ૩૦૦ વિદ્યાર્થીઓ ઉપર જ હાથ ધરવામાં આવેલ છે.
૪. પ્રસ્તુત અભ્યાસ શિક્ષણ અનુસ્નાતક કોલેજોમાં પ્રવેશ મેળવેલ માત્ર ગુજરાતી માધ્યમ ધરાવતા વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત છે.

**૭.સંશોધન પ્રકાર, સંશોધન ક્ષેત્ર અને સંશોધન પદ્ધતિ**

***૭.૧ સંશોધન પ્રકાર***

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર વ્યાવહારિક સંશોધન છે.

***૭.૨ સંશોધન ક્ષેત્ર***

પ્રસ્તુત સંશોધન માટે વલણ માપદંડ વાપરવાનો હોવાથી તેનું ક્ષેત્ર મનોવૈજ્ઞાનિક ગણવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધન એમ.એડ્.ના વિદ્યાર્થીઓ માટે કરવાનું હોવાથી તેને વ્યવસાયિક શિક્ષણ અનુસ્નાતક ક્ષેત્ર તરીકે ગણવામાં આવેલ છે.

***૭.૩ સંશોધન પદ્ધતિ***

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્ર કરવા માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો.

## ૮.વ્યાપવિશ્વ અને નિદર્શ

***૮.૧ વ્યાપવિશ્વ***

પ્રસ્તુત અભ્યાસમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત સંલગ્ન એમ.એડ્. કોલેજોના શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન તાલીમ લઈ રહેલા તમામ પ્રશિક્ષણાર્થીઓને પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વ તરીકે ગણ્યા હતા.

***૮.૨ નિદર્શ***

પ્રસ્તુત સંશોધનમાં નમૂના પસંદગી સહેતુક નમૂના પસંદગી પદ્ધતિથી કરવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ સમગ્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત સંલગ્ન વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન તાલીમ લઈ રહેલ એમ.એડ્. કોલેજોના વિદ્યાર્થીઓ છે અને તેમની પાસેથી માહિતી એકત્ર કરવા માટે સમય અને આર્થિક બાબતોને ધ્યાનમાં રાખીને વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ ધરાવતો નમૂનો યાર્દચ્છિક નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા ૨૦૦ પાત્રો લેવામાં આવ્યા હતા.

## ૯.સંશોધન ઉપકરણ

કોઈપણ સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને માહિતી એકત્ર કરવા માટે યોગ્ય સાધનની પસંદગી કરવી જરૂરી પડે છે જો સાધન તૈયાર હોય અને પ્રમાણિત કરેલ હોય તો વધુ અસરકારક માહિતી મેળવી શકાય. પ્રસ્તુત સંશોધનમાં હેતુઓને ધ્યાનમાં રાખીને ડૉ. એસ.કે. પટેલ રચિત શિક્ષણ વલણ માપદંડનો ઉપયોગ કરવામાં આવેલ છે.

## ૧૦.અભ્યાસની ઉત્કલ્પનાઓની ચકાસણી

પ્રસ્તુત અભ્યાસ માટેની ઉત્કલ્પનાઓની ચકાસણીની સારણી ૨ નીચે મુજબ છે.

**સારણી ૨ ઉત્કલ્પનાની ચકાસણી અને તેની કક્ષા**

| ક્રમ | ઉત્કલ્પના | ક્રાંતિક ગુણોત્તર | સાર્થકતા કક્ષા | સ્વીકાર/ અસ્વીકાર |
|---|---|---|---|---|
| $H_{01}$ | એમ.એડ્.ના પુરૂષ અને સ્ત્રી વિદ્યાર્થીઓના શિક્ષણ વ્યવસાય અંગેના વલણ માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૦.૪૮ | ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી | સ્વીકાર |
| $H_{02}$ | એમ.એડ્.ના શહેરી વિસ્તારના અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓના શિક્ષણ વ્યવસાય પ્રત્યેનાં વલણો પરના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૧.૨૪ | ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી | સ્વીકાર |
| $H_{03}$ | એમ.એડ્.ના અનામત અને બિન અનામતના વિદ્યાર્થીઓના શિક્ષણ વ્યવસાય પ્રત્યેનાં વલણો | ૦.૭૭ | ૦.૦૫ કક્ષાએ | સ્વીકાર |

| | | | | |
|---|---|---|---|---|
| | પરના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | | સાર્થક નથી | |
| $H_{04}$ | એમ.એડ્.ના પરિણીત અને અપરિણીત વિદ્યાર્થીઓના શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણો પરના સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૦.૨૩ | ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી | સ્વીકાર |

## ૧૧.સંશોધનના તારણો

૧. એમ.એડ્.ના પુરૂષ અને સ્ત્રી વિદ્યાર્થીઓનાં શિક્ષણ વ્યવસાય અંગેના વલણ સમાન જોવા મળ્યા હતા.
૨. એમ.એડ્.ના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિર્દ્યાથીઓના શિક્ષણ વ્યવસાય અંગેના વલણ સમાન જોવા મળ્યા હતા.
૩. એમ.એડ્.ના અનમાત અને બિનઅનામત વિદ્યાર્થીઓના શિક્ષણ વ્યવસાયના અગેના વલણ સમાન જોવા મળ્યા હતા.
૪. એમ.એડ્.ના પરિણીત અને અપરિણીત વિદ્યાર્થીઓના શિક્ષણ વ્યવસાય અગેના વલણ સમાન જોવા મળ્યા હતા

## ૧૨.સંશોધનની ભલામણો

પ્રસ્તુત સંશોધનને આધારે નીચેના જેવી ભલામણો કરવા અભ્યાસક પ્રેરાય.

### રાજ્ય સરકાર/ યુનિવર્સિટી માટે

૧. એમ.એડ્.ના વિદ્યાર્થીઓના વલણ સુધારવા માટે કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.
૨. એમ.એડ્. કક્ષાએ વિદ્યાર્થીઓના શિક્ષણ વ્યવસાય પ્રત્યેના હકારાત્મક વલણો વિકસે તેવા પ્રોજેકટ હાથ ધરવા જોઈએ.
૩. એમ.એડ્.ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપતાં પહેલાં શિક્ષક અભિયોગ્યતા કસોટી લઈ પ્રવેશ આપવો જોઈએ.

### આચાર્યો માટે

૧. એમ.એડ્.ના વિદ્યાર્થીઓ પાસેથી શિક્ષણ વ્યવસાય પ્રત્યે હકારાત્મક વલણમાં વધારો થાય તે માટે જરૂરી સૂચનો મંગાવવા જોઈએ.
૨. શિક્ષણ વ્યવસાયને વધુ અસરકારક અને રસપ્રદ બનાવવા માટે કઈ કઈ બાબતોને સમાવવી જરૂરી છે તે અંગે એમ.એડ્.ના વિદ્યાર્થીઓ પાસેથી સૂચનો મંગાવવા જોઈએ.

### અભ્યાપકો માટે

૧. અધ્યાપકોએ વિદ્યાર્થીઓમાં હકારાત્મક વલણો વિકસે તે માટે શિક્ષણ કાર્ય કરતી વખતે રસપ્રદ ઉદાહરણો અને અનુભવો પુરા પાડવા જોઈએ.

## ૧૩.ભાવિ સંશોધનની દિશાઓ

સંશોધનકાર્ય દરમિયાન પ્રાપ્ત થતા અનુભવો અને આવતી મુશ્કેલીમાંથી ઘણા નવા મુદ્દાઓ દૃષ્ટિ સમક્ષ આવે છે. પરંતુ સમય મર્યાદાને કારણે બધાજ મુદ્દાઓની ચકાસણી કરવાનો સમય હોતો નથી. તેથી આગળ નવિન સંશોધનો હાથ ધરવાના સમયે સંશોધકોને માર્ગદર્શનરૂપ ભલામણો સૂચવવામાં આવે છે.

૧. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોના શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણોનો અભ્યાસ.
૨. સ્નાતક કોલેજના પ્રાધ્યપકો અને અનુસ્નાતક કોલેજોના પ્રાધ્યાપકોના વ્યવસાય પ્રત્યેના વલણોની તુલના કરી શકાય.
૩. એ.ટી.ડી. (ચિત્ર શિક્ષક)ના પ્રશિક્ષણાર્થીઓના શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણનો અભ્યાસ.
૪. ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીના બી.એડ્.ના તાલીમાર્થીઓ માટે શિક્ષક વલણ માપદંડના સ્થાનિકે માનાંકો પ્રસ્થાપિત કરવા.
૫. એમ.ફીલ.ના પ્રશિક્ષણાર્થીઓના શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણોનો અભ્યાસ.
૬. પી.ટી.સી. કોલેજોમાં શિક્ષણ કાર્ય કરતા અધ્યાપકોના શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણોનો અભ્યાસ.
૭. પૂર્વ પ્રાથમિક શિક્ષણના પ્રશિક્ષણાર્થીઓમાં શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણોનો અભ્યાસ.
૮. આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજોમાં શિક્ષણ કાર્ય કરતા અધ્યાપકોના શિક્ષણ વ્યવસાય પ્રત્યેના વલણોનો તુલનાત્મક અભ્યાસ.

**સંદર્ભસૂચિ**

૧.દેસાઈ, કે. જી. અને શાહ, આર. પી. (૨૦૦૦). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
૨.પારેખ, પી. બી. અને ત્રિવેદી, એમ. ડી. (૧૯૯૪). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર. (ચોથી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
૩.ભગવતસિંહજી, ભગવદ્ગોમંડલ. અમદાવાદ : પ્રવિણ પ્રકાશન
૪.શાહ, દિપીકા, બી. (૧૯૯૪). શૈક્ષણિક સંશોધન, (પ્રથમ આવૃતિ). અમદાવાદ: યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
૫.ઉચાટ, ડી. એ. (૨૦૦૫). સંશોધન દર્શન, (પ્રથમ આવૃતિ). રાજકોટ :સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. યુ.જી. સી. અનએસાઈન્ટ ગ્રાન્ટ અન્વયે.
૬.Allport, G.W. (1983). A Hand book of social psychology. New york: Longman book Co.
૭.Agrawal, J. C. (1975). Educational Research and Introducatin. New Delhi.
૮.Borg. W.R., and Gall, M.D. (1983). Educational Research on Introduction. New York: Longman book Co.
૯.Good, Carter. V. & Seales, D.E. (1954) Methods of research. New York: Appletion Century Creafts.

.